**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૧૦/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૨૦૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી ૬૫ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન અને ૧ ડાલુ ગાડી કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૫/૧૫**

**ઈસનપુરઃ** સુમનબહેન વશીષ્ટભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૦)(રહે.સરદારચોક, ઇસનપુર)એ ઇસનપુર પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે પતિ વશીષ્ટભાઇ બીરબલભાઇ પ્રજાપતિ એ સુમનબહેન સાથે પૈસા બાબતે બોલાચાલી કરી, સુમનબહેન ઉપર વહેમ શંકા રાખી, તા.૨૮/૧૦/૧૫ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે ઘરે સુમનબહેન ઉપર કેરોસીન છાંટી, દિવાસળી ચાંપી જાનથી મારી નાંખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૨૦૬/૧૫**

**કાગડાપીઠ :** ગીતાબહેન રતનભાઇ કોષ્ટી (ઉ.વ.૪૪)(રહે.ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૨, અપ્સરા સીનેમા પાસે, કાંકરીયા) તા.૨૬/૧૦/૧૫ રાતનાં ૮/૨૦ વાગ્યાના સુમારે વિમા યોજના દવાખાના પાસેથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઇ, નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીતાબહેન કોષ્ટીએ તા.૨૮/૧૦/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૭/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** રાકેશભાઈ દશરથભાઈ પટેલ (રહે.પુષ્પરાજ એપાર્ટમેન્ટ વિભાગ-ર વિશ્વાસ સીટી-ર પાસે ઘાટલોડીયા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.ર૮/૧૦/૧૫ બપોરના ર/30 થી ૪/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ઘડીયાળ અને રોકડ રૂપિયા ૮૯,૮૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,300/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૦૮/૧૫**

**શહેરકોટડા :** જ્યોતિબહેન પ્રવિણભાઈ પટણી (ઉ.વ.૧૮)(રહે.બોમ્બે હાઉસીંગ પોલીસ લાઈન પટેલ ચાલી અનિલ સ્ટાર્ચ રોડ ) એ બિમારીથી કંટાળી તા.ર૮/૧૦/૧૫ બપોરનાં ર/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના એંગલના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દશરથભાઈ રમણભાઈ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** સુજીતકુમાર શ્રીકૃષ્ણસીંગ કુશવાહ (ઉ.વ.૨૨) (રહે.રાજુભાઈની ચાલી ગુરૂદ્વારા પાસે ગુરૂકૃપાનગર ભાર્ગવરોડ મેઘાણીનગર) એ કોઈ કારણસર તા.ર૮/૧૦/૧૫ કલાક ૮/00 વાગ્યા પહેલાના સમયે પોતાના ઘરે દોરડા વડે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સાગરભાઈ હરીભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)